Divya Bhaskar, Ahmedabad

દિવ્ય ભાસ્કર

# ગુજરાતમાં BSNLની પ્રથમ વીડિયો કોલ સેવા શરૂ કરાઈ

- સામ પિત્રોડાએ વીડિયો કોલ કરી સેવાનો પ્રારંભ કરાવ્યો
- બિઝનેસ, કોર્પોરેટ ઉપરાંત ગ્રામીણ વિસ્તારમાં પણ સેવા ઉપયોગી બનશે



ભાસ્કર ન્યૂઝ . અમદાવાદ

ભારત દૂરસંચાર નિગમ લિમિટેડની વીડિયો કોલ સેવા દેશમાં સૌપ્રથમ ગુજરાતમાં શરૂ કરવામાં આવી છે. સોમવારે વડાપ્રધાનના સલાહકાર સામ પિત્રોડાએ દિલ્હીથી વીડિયો કોલ કરી આ સેવાનો આરંભ કર્યો હતો. વીડિયો અને વોઇસ ઓવર ઇન્ટરનેટ પ્રોટોકોલ આધારિત આ સેવા ગુજરાત બાદ ઉત્તર અને પશ્ચિમના રાજ્યોમાં શરૂ કરાશે. આ સર્વિસ દ્વારા ગ્રાહક હવે વાત કરતાં-કરતાં એક-બીજાને જોઇ પણ શકશે.

અમદાવાદ સ્થિત સીજીએમ સુરેશ ભાર્ગવે હતું કે, થોડા મહિનામાં જ આ નવી સેવા માટેની ભારે માગ જોવા મળશે. મોટાભાગે બિઝનેસ અને કોર્પોરેટ સેક્ટર્સમાં વોઇસ એન્ડ વીડિયો ઓવર ઇન્ટરનેટ પ્રોટોકોલ (વીવીઓઆઇપી)ની સૌથી વધુ માગ સામે આવશે. ઉપરાંત રૂરલ સેક્ટરમાં પણ ખૂબ ઉપયોગી બની રહેશે, ખાસ કરીને ટેલી એજ્યુકેશન અને ટેલી મેડિસિન જેવા ક્ષેત્રો માટે. આ સેવા થ્રીજી કરતાં પણ સસ્તી પડતી હોવાથી ઘણા લોકોને આકર્ષિત કરી શકશે.' કંપનીનો અંદાજ છે કે, આગામી બે વર્ષમાં દસ લાખ ગ્રાહકો આ સેવાનો લાભ લેતા હશે.

સાઇ ઇન્ફોસિસ્ટમ ઇન્ડિયા લિમિટેડના રાજીવ ગુપ્તાએ અદ્યતન ટેક્નોલોજીની કી ફિચર્સથી માહિતગાર કરાવ્યા હતા. બીએસએનએલના શ્રી ભંડારીએ ચાર્જિસની વિગત આપતાં કહ્યું હતું કે, આ સેવા માટે એક્ટિવેશન ચાર્જ ૧૦૦ રૂ. અને ફિક્સ માસિક ચાર્જ ૧૫૦ રૂ. રહેશે. ડોમેસ્ટિક વોઇસ કોલ માટે યૂસેજ ચાર્જ ૪૦ પૈસા અને વીડિયો કોલ માટે ૨ રૂ. પ્રતિ મિનિટ રહેશે. ઇન્ટરનેશનલ કોલના દર ૧.૨૦ પૈસા પ્રતિ મિનિટ રહેશે.